www.prepp.in

| કુલ ગુણ | 150 |
|---|---|

# Social Science 2015

Q. PAPER
41902231
SEAL SEAL SEAL SEA

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક : ________

પરીક્ષાનો બ્લોક નંબર : ____

પરીક્ષાર્થીની સહી : ________ બ્લોક સુપરવાઇઝરની સહી : ________

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**પરીક્ષાર્થીને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં જ ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે :
ગુજરાત રાજ્યનું પાટનગર ક્યું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) વડનગર (D) પાટણ
જવાબવહી **(Answer Sheet)** માં
Ⓐ Ⓑ Ⓒ Ⓓ
ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ **"B"** છે. આથી **"B"**નું વર્તુળ કાળું (encode) કરેલ છે.
ઉમેદવારોએ જવાબમાં ''ગાંધીનગર'' લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(3) પ્રશ્નપત્ર પરીક્ષાર્થીને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબના ગુણ મળવાપાત્ર નથી. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી **(No negative marking system)**

(5) ઉત્તરપત્ર (OMR SHEET) માં બ્લોક સુપરવાઇઝરની સહી કરાવી લેવી આવશ્યક છે. બ્લોક સુપરવાઇઝરની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા બ્લોક સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) વાળા પરીક્ષાર્થી ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલક્યુલેટર કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે.

(9) પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહીં.

(10) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે બ્લોક સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(11) પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(12) પ્રશ્નોના જવાબ સંદર્ભે સૌથી વધુ નજીકના વિકલ્પને માન્ય જવાબ ગણવામાં આવશે.
Most appropriate option of question to be considered as final answer.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## વિભાગ-1

1. સણોસરા સ્થિત લોકભારતી સંસ્થાની સ્થાપના કોણે કરી હતી ?
(A) ગીજુભાઇ બધેકા (B) હરભાઇ ત્રિવેદી (C) નાનાભાઇ ભટ્ટ (D) મનુભાઇ પંચોળી

2. "મેં તો સારું જ પેપર લખ્યું હતું પરંતુ મારા સાહેબે બરાબર ચકાસ્યું નહી એટલે ઓછા ગુણ આવ્યા"આ વિધાન કઇ બચાવ પ્રયુક્તિ દર્શાવે છે ?
(A) ક્ષતિપૂર્તિ (B) આક્રમકતા (C) પ્રક્ષેપણ (D) ધ્યાનાકર્ષણ

3. ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં હિન્દી શિક્ષણની શરૂઆર કયા ધોરણથી થાય છે ?
(A) ધોરણ 3 (B) ધોરણ 4 (C) ધોરણ 5 (D) ધોરણ 2

4. ગાંધીજી પ્રેરિત બુનિયાદી શિક્ષણના સિધ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(A) વ્યાવસાયિક શિક્ષણ (B) મફત અને ફરજીયાત શિક્ષણ
(C) માતૃભાષા દ્વારા શિક્ષણ (D) સમવાય શિક્ષણ

5. ધોરણ ૨ માં કયાં સુધીનું સંખ્યાજ્ઞાન આપવામાં આવે છે ?
(A) 1 થી 100 સુધી (B) 1 થી 50 સુધી (C) 1 થી 200 સુધી (D) 1 થી 1000 સુધી

6. બાળકને નિબંધ લેખન શીખવવા માટેનું સૌથી અગત્યનું પગથિયું કયું છે ?
(A) અર્થગ્રહણયુક્ત વાચન (B) શ્રુતલેખન (C) સ્વતંત્ર લેખન (D) અનુલેખન

7. એક અબજમાં કેટલાં મીંડાં આવે ?
(A) નવ (B) દસ (C) આઠ (D) અગિયાર

8. સદગત નારાયણભાઇ દેસાઇની કઇ કૃતિ ચાર ભાગમાં ગ્રંથસ્થ થઇ છે ?
(A) મારું જીવન એ જ મારી વાણી (B) અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ
(C) ગાંધીકથા (D) આપણી વિદ્યાપીઠ

9. એસ.એમ.સી. માં નીચેના પૈકી કોણ ફરજીયાત સભ્ય નથી ?
(A) ગ્રામ પંચાયતના સભ્ય (B) એક સ્થાનિક કેળવણીકર
(C) સરપંચ (D) બાળકની વાલી

10. "તુંડે તુંડે મતિર્ભિન્ના" કહેવાર કોની સાથે અનુબંધ ધરાવે છે ?
(A) બુધ્ધિ (B) પ્રેરણા (C) વિકાસ (D) વૃધ્ધિ

11. જેમનો બુધ્ધિઆંક 75 થી 90 હોય તે કેવા પ્રકારના બાળકો તરીકે ઓળખાય છે ?
(A) મેઘાવી વાળકો (B) અપવાદરૂપ બાળકો
(C) મંદ બાળકો (D) ધીમી ગતિએ શીખનાર બાળકો

12. ધીમી ગતિએ શીખનાર બાળકો માટે કઇ પધ્ધતિ આર્શીવાદ રૂપ ગણાય છે ?
(A) નિગમન પદ્ધતિ (B) આગમન પદ્ધતિ
(C) તર્ક પદ્ધતિ (D) ગુણન પદ્ધતિ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

13. "માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે કેળવણી" કેળવણીની આ વ્યાખ્યા કોણે આપી હતી?

(A) સર્વપલ્લી રાધાકૃષ્ણન્
(B) સ્વામી વિવેકાનંદ
(C) મહાત્મા ગાંધી
(D) સ્વામી દયાનંદ

14. 21મી સદી ના શિક્ષણ માટેની વિચારણા કરવા ક્યા પંચે કહ્યુ કે - શિક્ષણ એ ભીતરનો ખજાનો છે.

(A) કોઠારી શિક્ષણ પંચ
(B) ડેલોર્સ પંચ
(C) મેકોલે પંચ
(D) રાધાકૃષ્ણન્ પંચ

15. માઇક્રોટીચિંગ એ........

(A) શિક્ષણ પધ્ધતિ છે
(B) તાલીમ પ્રયુક્તિ છે
(C) સંક્ષિપ્ત રજૂઆત છે
(D) અધ્યયન - અધ્યાપન છે

16. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા વધારે સફળ ત્યારે થશે જો ચર્ચાનો વિષય

(A) રજુ કરવામાં આવ્યો ન હોય
(B) ચર્ચાની પહેલ બતાવવામાં આવેલ હોય
(C) રજુ કર્યા વગર બોર્ડ ઉપર લખવામાં આવેલ હોય
(D) વિદ્યાર્થીઓને અગાઉથી બતાવવામાં આવ્યો હોય

17. શિક્ષણનું મુખ્ય કાર્ય છે

(A) વિદ્યાર્થીઓમાં નિહિત આંતરિક શક્તિઓનો વિકાસ કરવો.
(B) નિર્ધારિત અધ્યયન ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા.
(C) વિદ્યાર્થીઓના વ્યવહારમાં પરિવર્તન લાવવું.
(D) નિર્ધારિત સમયમાં પાઠ્યક્રમ પૂર્ણ કરવો.

18. શીખવું એટલે...

(A) જ્ઞાનપ્રાપ્તિ કરવુ
(B) સમસ્યા સમાધાન માટેની યોગ્યતા પ્રાપ્ત કરવી
(C) તાલીમ કે અનુભવો દ્વારા વ્યવહાર સુધારણા
(D) વ્યવહારમાં પરિવર્તન આવવું

19. શિક્ષણ-વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઇએ?

(A) આત્મીય હોવો જોઇએ
(B) આજીવન હોવો જોઇએ
(C) ગૌરવપ્રદ હોવો જોઇએ
(D) વિદ્યાર્થીના સંપૂર્ણ વિકાસને પોષક હોવો જોઇએ

20. એક શિક્ષક એવું અનુભવે છે કે, તેના વિદ્યાર્થીઓ તેના અધ્યાપન કાર્યથી સંતુષ્ટ નથી આવી પરિસ્થિતિમાં શિક્ષકે શું કરવું જોઇએ?

(A) વિદ્યાર્થીઓને પ્રાઇવેટ ટ્યૂશન કરવા માટે સલાહ આપવી જોઇએ
(B) શાળાના આચાર્યને મળીને પોતાનું ધોરણ બદલવા માટે વિનંતી કરવી જોઇએ
(C) બીજી જગ્યાએ નોકરી શોધી લેવી જોઇએ
(D) તેણે જાતે રિફ્રેશર કોર્સ કરવો જોઇએ; જેથી તે પોતાના અધ્યાપન કાર્યમાં સુધાર લાવી શકે

21. વિકલાંગ બાળકોના શિક્ષણ માટે એક શિક્ષક તરીકે શું કરવું જોઇએ?

(A) તે બાળકોને હંમેશાં સહાયતા કરવી
(B) તેવાં બાળકો જાતે કાર્ય કરે તેવું કરવું
(C) તેવાં બાળકો પ્રત્યે દયાભાવ પ્રદર્શિત કરવો
(D) તે બાળકોમાં આત્મવિશ્વાસનો વિકાસ કરવો



Prepp Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

22. સમાવેશી શિક્ષણ (Inclusive Education) એટલે.....
(A) વિશિષ્ટ યોગ્યતા વાળાં બાળકો માટે અલગ શિક્ષણ વ્યવસ્થા
(B) એક જ શાળા પરિસરમાં સામાન્ય બાળકોની સાથે વિશિષ્ટ સમૂહનાં બાળકોને શિક્ષણ આપવું
(C) એક જ શાળા પરિસરમાં અલગ ધોરણોમાં સામાન્ય બાળકો અને વિશિષ્ટ બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા કરવી
(D) ગ્રામીણ વિસ્તારનાં પછાત બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા કરવી

23. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓની શીખવા સંબંધી સમસ્યાઓના નિરાકરણ માટે સર્વશ્રેષ્ઠ પ્રક્રિયા કઇ છે ?
(A) વિદ્યાર્થીઓની ક્ષમતાઓ તથા યોગ્યતારૂપ વિવિધ શિક્ષણ પ્રણાલીઓનો અમલ કરવો.
(B) સરળ અને રોચક પાઠ્યપુસ્તકોનો અમલ કરવો
(C) કહાની વિધિનો અમલ કરવો.
(D) સમયાંતરે કસોટીઓનું આયોજન કરવું.

24. એક બાળકની ગંદી આદત છોડાવવી છે. - આ સંદર્ભમાં નિર્દેશિત સિધાંતો પૈકી ક્યા અધ્યયન સિદ્ધાંતની અનુપ્રયોગ કરવો ઉચિત રહેશે ?
(A) થોર્નડાઇકનો સિદ્ધાંત
(B) પાવલોવનો સિદ્ધાંત
(C) સ્કિનરનો સિદ્ધાંત
(D) લેવિનનો સિદ્ધાંત

25. વિધાર્થીઓને મનોરંજન કાર્યક્રમ યોજવાથી ઈચ્છા છે, તો શિક્ષક તરીકે તમે શું કરશો ?
(A) તેઓને કાર્યક્રમનું આયોજન કરી લાવવા જણાવીશ
(B) તેઓના વિચારને આવકારીશ
(C) તેઓને પ્રોત્સાહિત કરીશ
(D) તેઓને યોગ્ય કાર્યક્રમ ઘડવામાં મદદ કરીશ

26. 'યથાશક્તિ'- શબ્દમાં કયો સમાસ રહેલો છે ?
(A) અવ્યવીભાવ
(B) બ્હુવ્રીહી
(C) મધ્યમપદલોપી
(D) કર્મધારય

27. સાચી જોડણી શોધો.
(A) ભ્રુકુટિ
(B) ભ્રૂકુટિ
(C) ભ્રુકૂટિ
(D) ભ્રૂકુટિ

28. 'વાઘ'પ્રાણી માટેનો પર્યાયવાચી શબ્દ શોધો
(A) વ્યાઘ્ર
(B) વ્યાઘ્ર
(C) વ્યાંધ
(D) વર્યાધ

29. 'આકાશ કુસુમવત'-શબ્દ પ્રયોગ ક્યારે વાપરવામાં આવે છે ?
(A) આકાશમાં વાદળો છવાય ત્યારે
(B) કોઇ વાત માનવા જેવી ન લાગે ત્યારે
(C) કોઇ વ્યક્તિ તટસ્થ રહે ત્યારે
(D) આકાશમાંથી પુષ્પવર્ષા કરવામાં આવે ત્યારે

30. સિન્ધૂર્મિ-શબ્દની સંધિ છોડતા ----- બને
(A) સિન્ધુ+ઊર્મિ
(B) શી+ઉદ્+ર્મિ
(C) સી+ન્ધુ+ઉર્મિ
(D) સિ+ન્ધુર્મિ

31. તાઓનો ચહેરો નિર્દોષ હતો-વાક્યમાં ક્યા પ્રકારનું વિશેષણ વપરાયું છે ?
(A) ક્રમવાચક
(B) દર્શકવાચક
(C) પ્રશ્નવાચક
(D) ગુણવાચક

www.prepp.in

32. શૂન્ય પાલનપુરી ઉપનામ ક્યા કવિનું છે ?
(A) બલુચ અલીખાન ઉસ્માનખાન (B) ચંદ્રકાન્ત બક્ષી
(C) અમૃતભાઇ ધીરૂભાઇ રબારી (D) ઉસ્માદ સૈયદ

33. ખોટી જોડણી શોધો
(A) ઉપેક્ષિત (B) ઓશિયાળાં (C) વૈદેહિ (D) ઊણપ

34. નીચેના માંથી ક્યો શબ્દ અલગ પડે છે ?
(A) અમૃત (B) પીયૂષ (C) સુધા (D) મતિ

35. સોનેટનો ઉદ્‌ભવ ક્યા દેશમાં થયો હતો ?
(A) અમેરિકા (B) ઇટાલી (C) જાપાન (D) જર્મની

36. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.-“પહેલાના સમય માં આવી ગયેલું” ?
(A) અભૂતપૂર્વ (B) પુનરાવર્તિત
(C) પુરોગામી (D) અનુગામી

37. નીચેના માંથી ક્યા કવિ આખ્યાનકાર તરીકે પ્રખ્યાત છે ?
(A) પ્રેમાનંદ (B) અખો
(C) શામળ (C) ભાલણ

38. ક્યા શબ્દજુથમાં શબ્દકોશનો ક્રમ સચવાયેલ છે ?
(A) પક્ષી, પરીક્ષા, પસીનો, પાંખ, પાંચ (B) પરીક્ષા, પસીનો, પક્ષી, પાંખ, પાંચ
(C) પરીક્ષા, પસીનો, પાંચ, પાંખ, પક્ષી (D) પસીનો, પરીક્ષા, પક્ષી, પાંચ, પાંખ

39. **The dishes ____________ being served by Kala to the guests now.**
(A) is being served (B) are being served
(C) were being served (D) are served

40. **You may take away your shoes as they________**
(A) are polished (B) is polished
(C) has been polished (D) have been polished

41. **Rabindranath Tagore was one of the _________ poets of modern India.**
(A) greatest (B) greater (C) great (D) more great

42. **Sudha_________ to her brother that they should visit Abu the following week.**
(A) proposed (B) asked (C) said (D) said to

43. **____________ the terrorist, the police followed him.**
(A) By seeing (B) on seeing (C) seeing (D) see

44. **This is ______ picture _______ caused sensation**
(A) the same ____ as (B) the same __ was
(C) such __ that (D) some ___ as

www.prepp.in

45. Children ____________ undue important.
(A) will give
(B) would give
(C) should give
(D) should not be given

46. ______ they _______ their meal before you reached?
(A) had ____ taken
(B) have ____ taken
(C) did ____ take
(D) may ____ take

47. I __________ TV when the telephone rang.
(A) watched
(B) was watching
(C) are watching
(D) is watching

48. I'am afraid I'am not hungry. I've _______ eaten lunch.
(A) yet
(B) still
(C) already
(D) since

49. Would you like _________ chicken
(A) any
(B) One
(C) some
(D) none

50. Find out the correct spelling from the following.
(A) deficiency
(B) deaficiency
(C) daficiency
(D) deaficiency

51. રાજ્ય અને તેના પાટનગરની દૃષ્ટિએ ખોટો વિકલ્પ કયો છે ?
(A) ઉત્તરાખંડ-દેહરાદૂન
(B) સિક્કિમ-ગેંગટોક
(C) પંજાબ-લુધિયાના
(D) ત્રિપુરા-અગરતલા

52. ચારધામોમાં ક્યા ધામનો સમાવેશ થયો નથી ?
(A) જગન્નાથપુરી
(B) દ્વારકા
(C) અયોધ્યા
(D) બદ્રીનારાયણ

53. કૃતિ અને સાહિત્યકારના સંદર્ભમાં કયું જોડકું ખોટું છે ?
(A) આંગળિયાત-જોસેફ મેકવાન
(B) લીલુડી ધરતી-ચુનીલાલ મડિયા
(C) વડવાનલ-કુંદનિકા કાપડિયા
(D) ઉપરવાસ-રઘુવીર ચૌધરી

54. ભારતનું ભાવિ તેના વર્ગખંડીમાં ઘડાય છે-આ વાક્ય કોનું છે ?
(A) મુદાલિયર પંચ
(B) રાધાકૃષ્ણન પંચ
(C) કોઠારી કમિશન
(D) યશપાલ સમિતિ

55. ગુજરાત વિધાનસભા ભવનનું નામ શું છે ?
(A) વલ્લભભાઇ પટેલ ભવન
(B) વિઠ્ઠલભાઇ પટેલ ભવન
(C) મહાત્મા ગાંધી ભવન
(D) ઇન્દુલાલ યાજ્ઞિક ભવન

56. રાજ્યમાં જિલ્લા ન્યાયધીશ (District Judge) ની નિમણૂક કોણ કરે છે ?
(A) વડી અદાલત
(B) રાજ્યપાલ
(C) કાયદા ખાતું
(D) એડવોકેટ જનરલ

57. રમત અમે ખેલાડીની દૃષ્ટિએ ખોટી જોડ કઇ છે ?
(A) ક્રિકેટ- લાલા અમરનાથ
(B) હોકી-ધનરાજ પિલ્લે
(C) શતરંજ-વિશ્વનાથ આનંદ
(D) ટેનિસ-પ્રકાશ પદૂકોણ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

58. રાયપુર ક્યા રાજ્યનું પાટનગર છે ?
(A) છત્તીસગઢ (B) મેઘાલય (C) રાજસ્થાન (D) ઝારખંડ

59. જનીન વિજ્ઞાનમાં સંશોધન કરી નોબેલ પારિતોષિક મેળવનાર વૈજ્ઞાનિક કોણ છે ?
(A) ડૉ. જયંત નાર્લીકર (B) ડૉ. હરગોવિંદ ખુરાના
(C) ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય (D) ડૉ. મેઘનાથ સહા

60. વર્ષ 2014-15 દરમિયાન સ્વચ્છ ભારત અભિયાનના અમલીકરણમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનાર રાજ્ય ક્યું છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) તમિલનાડુ (C) કેરલ (D) ગુજરાત

61. તાજેતરમાં ક્યા દેશમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું ?
(A) શ્રીલંકા (B) મોરેશિયસ (C) બ્રિટન (C) જાપાન

62. તાજેતરમાં ભારતીય વાયુદળને સોંપવામાં આવેલ 'તેજસ' શું છે ?
(A) હેલિકોપ્ટર (B) યુદ્ધવિમાન (C) રડાર (D) મિસાઇલ

63. 14 જાન્યુઆરી 2013 ની રોજ સોમવાર હોય તો 15 ઑગસ્ટ, 2013 ના રોજ કયો વાર આવશે ?
(A) મંગળવાર (B) બુધવાર (C) ગુરુવાર (D) શુક્રવાર

64. ૨૧ જૂન નીચેના માંથી કોની સાથે સંલગ્ન નથી ?
(A) યોગા દિવસ (B) લાંબામાં લાંબો દિવસ
(C) ફાધર્સ ડે (D) વર્લ્ડ ડાન્સ ડે

65. કલમ, કછડી અને પછડી શબ્દો કઇ જાતિ સાથે સંકળાયેલા છે ?
(A) નાગર (B) મેર (C) કાઠી (D) ચારણ

66. ચાઇનીઝ વર્ઝન ઓફ ભગવદ ગીતા કયા દિવસે લોન્ચ થઇ હતી ?
(A) 21 જૂન 2014 (B) 17 જૂન 2015
(C) 12 એપ્રેલ 2012 (D) 26 જૂન 2012

67. મહાત્મા ગાંધીજીએ ગુજરાતની કઇ લડતને ધર્મયુદ્ધનું નામ આપ્યું હતું ?
(A) ધરાસણા સત્યાગ્રહ (B) બોરસદ સત્યાગ્રહ
(C) બારડોલી સત્યાગ્રહ (D) અમદાવાદ મિલ સત્યાગ્રહ

68. ધમાલ નૃત્ય કયા લોકોનું છે ?
(A) મેર (B) પઠાર (C) ચોરવાડ (D) ખારવણ બહેનો

69. વોટસન સંગ્રહાયલ કયા આવેલું છે ?
(A) અમદાવાદ (B) ભાવનગર (C) વડોદરા (D) રાજકોટ

70. મેરાયો કયા લોકોનું લોકનૃત્ય છે ?
(A) બનાસકાંઠાના વાવ સુઇગામ તાલુકાના ઠાકોરનું (B) સૌરાષ્ટ્રના પટેલોનું
(C) સુરતના જિલ્લાના દુબળા આદિવાસીનું (D) તડવી આદિવાસિઓ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

71. 2015 માં ભારતીય કટોકટીને કેટલા વર્ષ થયા ?
(A) 20 (B) 40 (C) 30 (D) 45

72. કોને સાપૂતારાની રાણી કહે છે ?
(A) પંચોગની (B) પંચમઢી (C) ઊટી (D) કુલ્લુ-મુનાલી

73. વિશ્વનો સૌથી મોટો બંધ કયો છે ?
(A) હીરાકુંડ (B) ભાખડા નાંગલ
(C) નાગાર્જુન (D) ઉપરમાંથી એક પણ નહી

74. 'સાઇલન્ટ વેલી' કયા રાજ્યમાં આવે છે ?
(A) જમ્મુ-કાશ્મીર (B) મસૂરી (C) કેરલ (D) કર્ણાટક

75. 'બંધારણનો' આત્મા કોને કહેવામાં આવે છે ?
(A) આમુખ (B) પરિશિષ્ટ (C) અનુચ્છેદ (C) કલમો

## વિભાગ-2

76. ગુજરાત નું સૌથી મોટુ તેલ ક્ષેત્ર કયાં આવેલું છે?
(A) કડી (B) કલોલ (C) લૂનેજ (ખંભાત) (D) અંકલેશ્વર

77. ગુજરાતમાં "ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જુઓ" આ કહેવત મુજબનું મલાવ તળાવ કયા શહેરમાં આવેલું છે?
(A) સિધ્ધપુર (B) ધોળકા (C) ધંધુકા (D) વિરમગામ

78. ગુજરાત માટે "ગુર્જર દેશ" એ શબ્દ પ્રયોગ કયા શાસકના સમયમાં શરૂ થયેલો ?
(A) સિધ્ધરાજ જયસિંહ (B) કુમારપાળ સોલંકી
(C) મૂળરાજ સોલંકી (D) વનરાજ ચાવડા

79. દાંડીકુચ દરિમયાન પોતાની ધરપકડ થાય તો દાંડીકુચનું નેતૃત્વ કરવા ગાંધીએ કોની પંસદગી કરી હતી?
(A) દાદાભાઈ નવરોજ (B) સરદાર પટેલ
(C) જવાહરલાલ નેહરૂ (D) અબ્બાસ તયૈબજી

80. હેમચંદ્રાચાર્યનું બાળપણનું નામ શું હતું?
(A) સોમદેવ (B) શીલભદ્ર (C) ચાંગદેવ (D) નામદેવ

81. વિભાગ-1 ને વિભાગ-2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પંસદ કરી જવાબ આપો

| વિભાગ-1 | વિભાગ-2 |
|---|---|
| (1) ખજુરાહોનું મંદિર | (1) મહાબલિપૂરમ |
| (2) સુર્યમંદિર | (2) મદુરાઈ |
| (3) માર્તંડ મંદિર | (3) કોર્ણાક |
| (4) મીનાક્ષી મંદિર | (4) મધ્ય પ્રદેશ |
| | (5) કાશ્મીર |

| કોડ-(A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| 1-4 | 1-5 | 1-3 | 1-2 |
| 2-3 | 2-2 | 2-4 | 2-1 |
| 3-5 | 3-1 | 3-5 | 3-2 |
| 4-2 | 4-4 | 4-1 | 4-5 |

www.prepp.in

Prepp Your Personal Exams Guide

82. ઠંડા યુદ્ધના સમયગાળા દરમિયાન મોટા ભાગના વિકાશીલ દેશોએ કઈ નિતી અપનાવી?
(A) રંગભેદ નાબુદીની (B) બીન જોડાણ વાદની (C) સંસ્થાનવાહ નાસુહીની (D) લશ્કરી જુથોમાંજોડાવાની

83. આર્થિક અને સામાજીક સમસ્યાઓ નો ઉકેલ કોણ લાવે છે?
(A) સરકાર (B) અર્થશાસ્ત્રીઓ (C) મહિલામંડળો (D) ન્યાયધિશો

84. વિભાગ–1 ને વિભાગ–2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પંસદ કરી જવાબ આપો

| વિભાગ–1 | વિભાગ–2 |
|---|---|
| (1) કર્કવૃત | (1) વિષુવવૃતથી દક્ષિણ તરફની આડી રેખા |
| (2) મંકરવૃત | (2) પૃથ્વીની મધ્યમાથી પસાર થતી આડી રેખા |
| (3) વિષુવવૃત | (3) પૃથ્વી પર દોરેલી ઉભી કાલ્પનિક રેખા |
| | (4) વિષુવવૃતથી ઉત્તર તરફની આડી રેખા |

| કોડ–(A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| 1-4 | 1-1 | 1-3 | 1-2 |
| 2-1 | 2-4 | 2-2 | 2-3 |
| 3-2 | 3-3 | 3-4 | 3-1 |

85. વિશ્વમાં 'ઓઝોન દિવસ' કયારે ઉજવવામાં આવે છે?
(A) 5 મી જુન (B) 16 મી સપ્ટેમબર (C) 1 લી જાન્યુઆરી (D) 28 મી ઓકટોબર

86. માનવ સંસ્કૃતિનું પ્રથમ સોપાન કયું છે?
(A) તામ્ર પાષણયુગ (B) નુતન પાષણયુગ (C) પુરાતન પાષણયુગ (D) પ્રાગ ઐતિહાસિક યુગ

87. કયા મંદિરોને "સંગેમરમરમાં કંડારેલ કાવ્ય" ની ઉપમા આપવામાં આવેલ છે?
(A) ખજુરાહોનાં મંદિરોને (B) દેલવાડાના જૈન મંદિરોને
(C) કાંચી ખાતે બંધાવેલા મંદિરોને (D) મદુરાઈ 'ગોપુરમ' ધરાવતા મંદિરોને

88. ભારતીય વૈદકશાસ્ત્રના મહાન પ્રણેતાઓ કોણ ગણાય છે?
(A) ભાસ્કર ર્ચાય – આર્યભટ્ટ (B) બ્રહ્મગુપ્ત – વરાહમિહિર
(C) ચરક અને સુશ્રુત (D) વાગ્ભટ્ટ અને નાગાર્જુન

89. નાગાર્જુન સાગર યોજના કઈ નદી પર આવેલી છે?
(A) કૃષ્ણા (B) કાવેરી (C) ગોદાવરી (D) તુંગભદ્રા

90. મુળરાજ સોલંકી પોતાની રાજધાની કયાં સ્થાપિત કરી હતી?
(A) કર્ણાવતી (B) સિધ્ધપુર (C) વડનગર (D) અણહિલપુર પાટણ

91. પિરોટન અભયારણ્ય શાના માટે જાણીતું છે?
(A) સુરખાબ (B) ઘુડસર (C) રીંછ (D) દરિઆઈ જીવસૃષ્ટી

92. રાજયસભામાંથી દર બે વર્ષે કેટલા સભ્યો નિવૃત થાય છે?
(A) એક તૃતિયાંસ (B) બે તૃતિયાંસ (C) એક થતુર્થાસ (D) ત્રણ ચતુર્થાસ

93. અલકનંદા અને ભાગીરથી કયા સ્થળ પાસે એકબીજાને મળે છે?
(A) દેવપ્રયાગ (B) રૂદ્રપ્રયાગ (C) કર્ણપ્રયાગ (D) ઋષિકેશ

94. રાઈટ ટુ એજયુકેશન એકટ – 2009 કયા પ્રકારની પ્રાથમિક શાળાઓને લાગુ પડે છે?
(A) માત્ર ગ્રાંટ ઈન એઈડ શાળાઓને (B) માત્ર સરકારી શાળાઓને
(C) માત્ર ખાનગી શાળાઓને (D) બધા પ્રકારની શાળાઓને

95. ભારતીય બંધારણને સમજવાની આવી કોણ પુરી પાડે છે?
(A) બંધારણના પરિશિષ્ટો (B) બંધારણનું આમુખ
(C) બંધારણની કલમો અને પ્રકરણો (D) બંધારણના ઘડવૈયા અને સુપ્રિમ કોર્ટના ન્યયાધીશો

96. કયા પ્રકારના અંધજપત્રમાં સરકારી ખર્ચાને મહેસુલી આવક વડે સરભર કરવામાં આવે છે?
(A) ખાધવાળા (B) પુરાંત વાળા (C) સમતોલ (D) મહેસુલી

www.prepp.in

97. ગુજરાતનું કયું શહેર અકીકના વેપાર (ઘરેણા) નું મહત્વનું કેન્દ્ર છે?
(A) સુરત (B) ખંભાત (C) નવસારી (D) ડીસા

98. ગુજરાતમાં " બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ્ઝ" ની કચેરી કયાં શહેરમાં આવેલી છે?
(A) રાજકોટ અને સુરત (B) અમદાવાદ અને રાજકોટ
(C) ગાંધીનગર અને આંણદ (D) રાજકોટ અને વડોદરા

99. હર્ષવર્ધન કયા સ્થળે દર પાંચ વર્ષે ધર્મ પરિષદ અને દાન મહોત્સવનું આયોજન કરતો?
(A) પ્રયાગમાં (B) બનારસમાં (C) કનોજમાં (D) અયોધ્યામાં

100. વિભાગ–1 ને વિભાગ–2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પંસદ કરી જવાબ આપો

| વિભાગ–1 | વિભાગ–2 |
|---|---|
| (1) કનોજનો મહાપ્રતાપી રાજા | (1) નાંલદા વિદ્યાપિઠ |
| (2) વાતાપીનો મહાપ્રતાપી રાજા | (2) મહાકવિ બાણભટ્ટ |
| (3) આર્ચાય શીલભદ્ર | (3) પુલકેશી બીજો |
| (4) હર્ષચરિતના રચયિતા | (4) હર્ષવર્ધન |
| | (5) ધારાપુરાની ગુફાઓ |

| કોડ–(A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| 1-3 | 1-4 | 1-5 | 1-3 |
| 2-4 | 2-3 | 2-3 | 2-5 |
| 3-5 | 3-1 | 3-5 | 3-4 |
| 4-1 | 4-2 | 4-4 | 4-3 |

101. નીચેનામાંથી કયું હવાખાવાનું સ્થળ હિમાલયમાં આવેલું નથી?
(A) ધર્મશાળા (B) ડેલહાઉસી (C) પંચમઢી (D) સિમલા

102. નીચેનામાંથી એક જોડકુ સાચું નથી તે શોધીને જવાબ આપો?
(A) કવિકાલિદાસ – અભિજ્ઞાન શકુન્તલમ્ (B) કવિ ભવભૂતિ – ઉત્તર રામચરિતમ્
(C) કવિ ભાલ – સ્વપ્ન વાસવદત્તમ્ (D) કવિ ભરત – ગીત ગોવિંદમ્

103. બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં ચાલતી દ્વિમુખી શાસનપદ્ધતિ કયા ગવર્નર જનરલે નાબુદ કરી?
(A) વોરન હેસ્ટિંગ્સે (B) કોર્નવોલિસે (C) વિલીયમ બેન્ટિંકે (D) સર જ્હોન શોર

104. હિન્દી રાજયોને એમના જોખમે પરાધીન બનાવવાની યોજના કઈ હતી?
(A) ડેલહાઉસીની ખાલસા નિત (B) નવાબી શાસન યોજના
(C) વેલેસ્લીની સહાયકારી યોજના (D) દ્વિમુખી શાસન પ્રથા

105. વિભાગ–1 ને વિભાગ–2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પંસદ કરી જવાબ આપો

| વિભાગ–1 | વિભાગ–2 |
|---|---|
| (1) ઈ.સ. 1506 | (1) બકસરનું યુદ્ધ |
| (2) ઈ.સ. 1757 | (2) મીરજાફરનું અવસાન |
| (3) ઈ.સ. 1764 | (3) ફિરંગીઓએ ગોવા કબ્જે કર્યું |
| (4) ઈ.સ. 1765 | (4) રસાવસીનું પુધ્ધ |
| | (5) ઔરંગજેબનું અવસાન |

| કોડ–(A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| 1-5 | 1-3 | 1-4 | 1-2 |
| 2-1 | 2-4 | 2-3 | 2-5 |
| 3-3 | 3-1 | 3-5 | 3-4 |
| 4-4 | 4-2 | 4-1 | 4-3 |

106. ઘડેલા કાયદાનો અમલ કરવાનું કામ જે અંગ દ્વારા થાય તેને શું કહેવાય?
(A) ધારાસભા (B) ન્યાયતંત્ર (C) સચિવાલય (D) કારોબારી

Prepp
Your Personal Exams Guide

107. વિભાગ–1 ને વિભાગ–2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પંસદ કરી જવાબ આપો

| વિભાગ–1 | વિભાગ–2 |
|---|---|
| (1) રાષ્ટ્રીય અભિલેખાગાર | (1) વડોદરા |
| (2) આદિવાસી સંગ્રહાલય | (2) લોથલ |
| (3) હેમચંદ્રાચાર્ય લાઈબ્રેરી | (3) અમદાવાદ |
| (4) માટીના અવશેષો | (4) દિલ્હી |
| | (5) પાટણ |

| કોડ–(A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| 1-3 | 1-1 | 1-4 | 1-2 |
| 2-1 | 2-4 | 2-3 | 2-5 |
| 3-2 | 3-3 | 3-5 | 3-2 |
| 4-1 | 4-5 | 4-2 | 4-4 |

108. વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં કયા ક્રમે આવે છે?
(A) પાંચમા (B) નવમા (C) સાતમાં (D) દશમાં

109. 21 મી જુને સૂર્યનાં કિરણો કયા વૃત્ત પર સીધા પડે છે?
(A) વિષુવવૃત્ત પર (B) કર્કવૃત્ત પર (C) મકરવૃત્ત પર (D) ઉતરધ્રુવ વૃત્ત પર

110. ભારતનો સૌથી લાંબો નેશનલ હાઈવે કયાં શહેરોને જોડે છે?
(A) દિલ્હી – મુંબઈ (B) દિલ્હી – કોલકતા (C) દિલ્હી – અમૃતસર (D) વારાણસી–કન્યાકુમારી

111. એસ.એસ.સી પછીના અભ્યાસ ક્રમોમાં અભ્યાસ કરી રહેલા અનુસૂચિત જાતીઓના વિદ્યાર્થીઓને કઈ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે?
(A) માનવ ગરિમા યોજના (B) ભગવાન બુધ્ધ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના
(C) દીકરી રૂડી સાચી મુડી યોજના (D) પંડિત દિનદયાળ ઉપાધ્યાય યોજના

112. નીચેમાંથી એક જોડકુ ખરૂ નથી તે શોધીને ઉતર લખો?
(A) કામસુત્ર – ભાસ્કરચાર્ય (B) અશ્વશાસ્ત્ર – શાલિ હોત્ર
(C) અષ્ટાંગ હૃદય – વાગભટ્ટ (D) ચિકિત્સા સંગ્રહ – ચક્રપાણિ દત્ત

113. સંયુકત રાષ્ટ્રોના અંગો કેટલા છે?
(A) આઠ (08) (B) બાર (12) (C) નવ (09) (D) છ (06)

114. "માનવમુડી" નો ખ્યાલ રજુ કરનાર અર્થશાસ્ત્રી કોણ હતા?
(A) માર્શલ (B) લેવિન્સ
(C) પોલ સ્ટ્રીટન (D) કેઈન્સ

115. સરકારની "રાષ્ટ્રીય વન નીતિ" અનુસાર દેશના દરેક ગામોમાં અને શહેરોમાં વૃક્ષો ઉગાડવાની ઝુંબેશ શરૂ થઈ છે તેનું નામ શું છે?
(A) એક વ્યકિત એક વૃક્ષ યોજના (B) વૃક્ષો વાવો દેશ બચાવો યોજના
(C) સમાજીક વનીકરણ યોજના (D) વનબંધુ કલ્યાણ યોજના

116. વિભાગ–1 ને વિભાગ–2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પંસદ કરી જવાબ આપો

| વિભાગ–1 | વિભાગ–2 |
|---|---|
| (1) ઈ.સ. 1453 | (1) ફિરગીઓએ ગોવાને વડુ મથક બનાવ્યું |
| (2) ઈ.સ. 1498 | (2) ત્રીજે મરાઠા વિગ્રહ |
| (3) ઈ.સ. 1510 | (3) વાસ્કો–દ–ગામાનું ભારત આગમન |
| (4) ઈ.સ. 1818 | (4) નેપાળ વિગ્રહ |
| | (5) ઈસ્તંબુલનું પતન |

| કોડ–(A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| 1-2 | 1-3 | 1-4 | 1-5 |
| 2-4 | 2-2 | 2-5 | 2-3 |
| 3-5 | 3-4 | 3-3 | 3-1 |
| 4-4 | 4-5 | 4-1 | 4-2 |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

117. ભારતના રાષ્ટ્રીય પ્રતિક તરીકે સ્વીકારાયેલી સિંહ મૂર્તિ કયા ધર્મનું પ્રતિનિધીત્વ કરે છે?
(A) હિન્દુ
(B) બૌધ્ધ
(C) જૈન
(D) પારસી

118. વનસ્પતિ ઔષધની સાથે રસાયણ ઔષધ વાપરવાની શરૂઆત કોના દ્વારા થઈ?
(A) ચંદગુપ્ત
(B) ચરકમુનિ
(C) નાગાર્જુન
(D) આર્યભટ્ટ

119. જંગલો અંગે સંશોધન કરતી "ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટીટુયટ" કયા સ્થળે આવેલી છે?
(A) દેહરાદુન
(B) દિલ્હી
(C) અમૃતસર
(D) રાજપીપલા

120. બંધારણ સભાના અધ્યક્ષ કોણ હતા?
(A) ડૉ. રાધાકૃષ્ણન
(B) ડૉ. ભીમરાવ આંબેડકર
(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(D) રાજાજી રાજગોપાલાચાર્ય

121. સ્થાપત્ય કલાનો મુલ્યવાન વારસો ધરાવતી દાદા હરિની વાવ કયાં આવેલી છે?
(A) અમદાવાદ
(B) અડાલજ
(C) પાટણ
(D) જૈતલપુર

122. "ચુંટણી ઓળખપત્ર" એ શાનો આધારભૂત દસ્તાવેજ છે?
(A) વિદેશ પ્રવાસનો
(B) નાગરિકત્વનો
(C) રાશન કાર્ડ મેળવાનો
(D) લાયસન્સ મેળવવાનો

123. જવાળામુખી માંથી ફેકાતા વિખંડીત ખડક – પદાર્થો માંના નાના પત્થરો કયા નામે ઓળખાય છે?
(A) મેગમા
(B) લાપિલી
(C) પોટાશ
(D) કાર્બન

124. બંગભંગની ચળવળનાં મુખ્ય ત્રણ લક્ષણો માંથી કયા એક લક્ષણોનો સમાવેશ થતો નથી?
(A) સ્વદેશી માલનો વેપાર કરવો
(B) સંગઠન બનાવવું
(C) વિદેશીમાલનો બહિષ્કાર કરવો
(D) રાષ્ટ્રીય શિક્ષણ લેવું

125. 'ગણેશ ચતુર્થી અને શિવાજી જયંતી' જેવા ઉત્સવો ઉજવવાનું કોણે શરૂ કરેલું?
(A) ગોપાલકૃષ્ણ ગોખલે
(B) લાલા લાજપતરાય
(C) લોકમાન્ય તિલક
(D) દાદાભાઈ નવરોજી

126. કયું સુત્ર સુભાષચંદ્ર બોસનું નથી?
(A) ચલો દિલ્લી
(B) જયહિંદ
(C) જયજગત
(D) તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા

127. 'મિત્રમેલા' નામની સંસ્થા કોણે સ્થાપી હતી?
(A) વીર સાવરકર
(B) વસુદેવ બળવતં ફડકે
(C) રામપ્રસાદ બિસ્મિલ
(D) અશફાક ઉલ્લાખાં

128. એક રેખાંશવૃતને સૂર્યની સામેથી પસાર થતા કેટલો સમય લાગે છે?
(A) 24 કલાક
(B) 4 મિનીટ
(C) 1 કલાક
(D) 12 મિનીટ

129. ભારતંનુ કયું ખારાપાણીનું સરોવર નથી?
(A) પુલીકટ
(B) ચિલ્કા
(C) સાંભર
(D) કોલાર

www.prepp.in

130. કયાં મંદિરને 6 (છ) માળવાળુ શિખર છે?
(A) સોમનાથ મંદિર
(B) દ્વારકાધિશનું મંદિર
(C) ડાકોરનું મંદિર
(D) મોઢેરા સૂર્યમંદિર

131. પુરાતન સમયનાં અવશેષોના ચોકકસ સમય કાળને જાણવાની પદ્ધતિ કયી?
(A) કાર્બન ડેટિંગ પદ્ધતિ
(B) માઈક્રોસ્કોપ પદ્ધતિ
(C) વલ્કેનાઈઝીંગ પદ્ધતિ
(D) ફીણ-ઉપ્લવન પદ્ધતિ

132. તાડપત્રો કે ભોજપત્રો ઉપર લખાયેલ હસ્તપત્રો કોઈ એક સ્થળે જોવા મળતી નથી તે સ્થળ કયું?
(A) શ્રી મહાવીર જૈન અરાધના કેન્દ્ર, કોબા
(B) હેમચંદ્રાચાર્ય લાયબ્રેરી, પાટણ
(C) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(D) ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર

133. ગુજરાત રાજય માટે કયું વિધાન સાચું નથી?
(A) તેની ઉતર – દક્ષિણ લંબાઈ આશરે 590 કિ.મી છે.
(B) તેનું ક્ષેત્રફળ 1,96,042 ચોરસ કિ.મી છે.
(C) તેની પૂર્વ–પશ્ચિમ લંબાઈ આશરે 500 કિ.મી છે
(D) ભારતમાં તેનું સ્થાન, વિસ્તાર પ્રમાણે સાતમું છે.

134. પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારી કરનાર નાગરિકની ઉમંર કેટલી હોવી જોઈએ?
(A) 18 વર્ષ કે તેથી વધુ
(B) 21 વર્ષકે તેથી વધુ
(C) 25 વર્ષકે તેથી વધુ
(D) 32 વર્ષકે તેથી વધુ

135. કયા ગવર્નર જનરલે ભારતમાં અગ્રેજી શિક્ષણની હિમાયત કરી હતી?
(A) લોર્ડ વેલેસ્લી
(B) વૉર્નર હેસ્ટીંગ્સ
(C) લોર્ડ મેકાલે
(D) લોર્ડ કોર્નવોલિસ

136. કયું જોડકુ સાચુ નથી?
(A) વૉરન હેસ્ટિંગ્સ – દ્વિમુખી પધ્ધતિ નાબૂદી
(B) લોર્ડ કોર્નવાલિસ – કર્ણાટક વિગ્રહો લડયાં
(C) લોર્ડ વેલેસ્લી – સહાયકારી યોજના સંઘ બનાવી
(D) લોર્ડ ડેલહાઉસી – દેશી રાજયો માટે ખાલસાનિતી અખત્યાર

137. નીચેમાંથી કયું વિધાન સાચું નથી?
(A) વિધાન પરિષદ કાયમી સંસ્થાછે, તેનું વિર્સજન થતું નથી.
(B) રાજય સભાની ચૂંટણી સીધી લોકો દ્વારા થાય છે.
(C) રાષ્ટ્ર પ્રમુખ નાણાંકીય ખરડાને પરત મોકલી શકતા નથી.
(D) રાષ્ટ્ર પ્રમુખ સામે 'મહાભિયોગ' ની કાર્યવાહી થઈ શકે છે.

138. કયું પર્વતીય શિખર ઉંચાઈની દૃષ્ટિએ વિશ્વમાં બીજી ક્રમે છે.
(A) માઉન્ટ એવરેસ્ટ
(B) માઉન્ટ કાંચનજંગા
(C) માઉન્ટ કેટુ (K2)
(D) માઉન્ટ ધવલગિરિ

139. તાજેતરમાં હિમાલયના કયા ઘાટ દ્વારા કૈલાસ– માનસરોવરની સરળ યાત્રાની શકયતા ઉભી થઈ છે?
(A) જેલેપલા ઘાટ
(B) નાથુબા ઘાટ
(C) શિપ્કીલા ઘાટ
(D) કારાકોરમ ઘાટ

140. ભારતમાં કોરોમંડલ કિનારે કયા પવનો શિયાળામાં વરસાદ લાવે છે.
(A) ઈશાન કોણીય મૌસમી પવનો
(B) નેૠત્ય કોણીય મૌસમી પવનો
(C) અગ્નિ કોણીય મૌસમી પવનો
(D) વાયવ્ય કોણીય મૌસમી પવનો

Contd.

www.prepp.in

141. 'રણ થભોર' અને 'સારિકકા' કયા રાજયમાં આવેલા રાષ્ટ્રીય ઉધાન અને અભયારણ્ય છે?
(A) કર્ણાટક
(B) મધ્ય પ્રદેશ
(C) રાજસ્થાન
(D) ઉતર પ્રદેશ

142. ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલોની કઈ એક ખાસિયત નથી.
(A) જંગલોમાં ઝાડી–ઝાંખરા અને વેલાઓ પુષ્કળ થાય છે.
(B) જંગલોમાં બારેમાસ લીલાં રહે છે.
(C) વૃક્ષોનાં મૂળ લાંબા, ઉડાં અને પાંદડાં નાના હોય છે.
(D) વૃક્ષોનું લાકડું કઠણ અને વજનદાર હોય છે.

143. દિલ્હીની ગાદી ઉપર શાસન કરનાર પ્રથમ મહિલા કોન હતી?
(A) રાજશ્રી દેવી
(B) રુરૂમ્માદેવી
(C) રાણી દુર્ગાવતી
(D) રઝિયા બેગમ

144. હિમાલયનાં પર્વતીય શિખરોને ઉચાઈના ક્રમને ઉતરતા ક્રમમાં ગોઠવો.
(a) ધવલગીરી
(b) નંદાદેવી
(c) એવરેસ્ટ
(d) કાંચનજંગા
(A) c-d-b-a
(B) c-a-d-b
(C) c-d-a-b
(D) c-b-d-a

145. નીચેના પૈકી સરોવરોની કઈ જોડી દરિયા કિનારે આવેલી (લગૂન) સરોવરોની છે?
(A) વુલર અને ડાલ
(B) સાંભર અને લોણાર
(C) ઢેબર અને કોલેરુ
(D) ચિલ્કા અને પુલિકટ

146. ભારતીય નૃત્યકલા ક્ષેત્રે કયું જોડકું સાચું નથી?
(A) ભરતનાટયમ – તમિલનાડુ
(B) કુચપુડી – આંધ્રપ્રદેશ
(C) કથ્થકલી અને કથ્થક – કેરળ
(D) ઓડિસી નૃત્યકલા – કર્ણાટક

147. કયું એક લક્ષણ લજાર પદ્ધિતનું નથી?
(A) ઉત્પાદનમાં સાધનોની ખરીદી ખાનગી કે વ્યકિતગત હોય છે.
(B) આર્થિક નિર્ણયો ભાવતંત્રને આધારે લેવાય છે.
(C) વ્યકિતગત લાભ કે નફા માટેજ આર્થિક નિર્ણયો લેવાય છે.
(D) ઉત્પાદનનાં સાધનોની માલીકિ રાજય હસ્તક હોય છે.

148. નીચેનું કયું જોડકું વિકાશશીલ દેશોનું છે?
(A) ઇંગ્લેન્ડ અને ફ્રાંસ
(B) નોર્વે અને સ્વીડન
(C) બ્રાઝિલ અને આર્જેન્ટિના
(D) જાપાન અને પશ્ચિમ જર્મની

149. નીચેના પૈકી કઈ ગુફાઓમાં શિવજીનું પત્થરનું ભવ્ય શિલ્પ 'ત્રિમૂર્તિ' આવેલું છે?
(A) અજંતા ગુફાઓ
(B) ઈલોરા ગુફાઓ
(C) એલીફેન્ટા ગુફાઓ
(D) ઉદયગીરી ગુફાઓ

150. સુવર્ણ ચતુર્ભુજ (ગોલ્ડન કવોડ્રિલેટરલ) હાઈવે ઉપર આવેલું એક સ્થળ નથી. કયું ?
(A) દિલ્હી
(B) કોલકાત્તા
(C) ચેન્નાઈ
(D) મદુરાઈ

• • •

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# SPACE FOR ROUGH WORK

Q. PAPER
41902231
SEAL SEAL SEAL

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેલી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.